અનુસચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક
રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત
વર્ગોની કુમારિકાઓના લગ્ન પ્રસંગે
કુંવરબાઈનું મામેરૂ યોજના.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–સશપ–૧૪૯૯–મ.૧૧૪–૪–અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૮–૭–૨૦૦૩.

વંચાણે લીધો :–(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.પ્રભાગ) નો તા.૨૦–૧૦–૯૫નો ઠરાવ ક્રમાંકઃ–એસસીડબલ્યુ–૧૦૯૧–૯૭૫(૯૫)–૨–જ,

(૨) નિયામક , વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો પત્ર ક્રમાંકઃ–વિજાક– જન–કે.વી.પી.–૨૦૦૨–૦૩–૮૫૪ તા.૧૫–૫–૨૦૦૨

ઠરાવ:–

આમુખમાં ક્રમાંક–(૧)માં જણાવેલ તા.૨૦–૧૦–૯૫ના ઠરાવથી અનુસૂચિત જાતિ , અનુ.જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોની કુમારિકાઓના લગ્ન પ્રસંગે કુવરબાઈનું મામેરૂ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત રૂ.૨૦૦૦/– કન્યાના મા–બાપ/વાલીને રોકડમાં અને રુ.૩૦૦૦/–ના કન્યાના નામે કિસાન વિકાસપત્રો સ્વરૂપે એમ કુલ રુ.૫૦૦૦/–ની નાણાકીય સહાય આપવામાં આવે છે. આ યોજનામાં આપવામાં આવતાં કિસાન વિકાસ પત્રો કેટલીક વખત પોસ્ટ ઓફિસોમાં ઉપલબ્ધ હોતાં નથી. આથી લાભાર્થીઓને સહાય ચૂકવવામાં વિલંબ થાય છે, આવો વિલંબ નિવારવા માટે આ યોજનાઅંતર્ગત આપવામાં આવતા કિસાન વિકાસ પત્રો જો ઉપલબ્ધના હોય તો રુ.૩૦૦૦/–ના રાષ્ટ્રીય બચતપત્રો આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ યોજનાઅંતર્ગત અનુસૂચિતજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતેપછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોના લાભાર્થીઓના કિસ્સામાં જ્યારે પોસ્ટ ઓફિસોમાં કિસાન વિકાસ પત્રો ઉપલબ્ધ ના હોય ત્યારે તેના વિકલ્પે રુ.૩૦૦૦/–ના કન્યાના નામના રાષ્ટ્રીય બચત પત્રો આપવાં તેમ સરકારશ્રી ઠરાવે છે.

~~ 2 ~~

આ યોજનાની અન્ય શરતો યથાવત રહે છે.
ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.પી.પરમાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા.અને અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર.
સર્વે જિલ્લા નાયબ નિયામક(વિ.જા.)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,(વિ.જા.),
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી, વર્ગ–૧,
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત),
ગ–શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ.

પટેલ/વી.૧૦૧એ/